ગુજરાત સુવર્ણ જયંતિ વર્ષ ૨૦૧૦ માં
આદિમજૂથના લોકોના સર્વાંગી વિકાસ માટે
પાયાની સુવિધા આપવા અંગે.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : અદજ-૧૨૧૦-ન.બા.૧-ચ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ 25 MAY 2010

વંચાણે લીધા :-

કમિશનરશ્રી (આ.વિ.) ની ફાઇલ ક્રમાંક -૪૨૯

ઠરાવ :-

અનુ. જનજાતિમાં અતિ પછાત આદિમજૂથમાં સમાવિષ્ટ કાથોડીયા, કોલધા, કોટવાળીયા, સીદી અને પઢાર જાતિના ઉત્કર્ષ માટે સરકારશ્રી દ્વારા ઘણી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. તેમ છતાં આ જાતિઓનો અનુ. જનજાતિના અન્ય જાતિઓ જેટલો વિકાસ થયો નથી. આદિમજૂથના સંપૂર્ણ વિકાસ માટે તેમને આવાસ, રસોડા સુધી પાઇપલાઇનથી પીવાના પાણીની સુવિધા, વીજળી, આંતરિક રસ્તાઓ, શૈક્ષણિક સુવિધા, આજીવિકાના સાધન જેવી ૬ પાયાની સુવિધા પૂરી પાડવાનું નકકી કરેલ છે. આદિમજૂથના લોકોને ઉપર્યુકત સુવિધાઓ આપવા નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ માં રૂપિયા ૬૫૦.૦૦ લાખની વિભાગ-૧ ની નવી બાબતનો અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પુખ્ત વિચારણાના અંતે ગુજરાત રાજયના સ્વર્ણ જયંતી વર્ષમાં આદિમજૂથના લોકોના સર્વાંગી વિકાસ માટે નીચેના દર્શાવેલી પાયાની સુવિધા આપવા રૂપિયા ૬૫૦.૦૦ લાખ વિભાગ-૧ ની નવી બાબતને નાણાંકીય અને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧)(ક) ઘરથાળના પ્લોટ અને મકાન બાંધકામ માટે ઇન્દિરા આવાસ યોજના અને સરદાર આવાસ યોજના હેઠળ સમન્વય કરવામાં આવે. આ ઉપરાંત જે આદિમજૂથના કુટુંબો ૦ થી ૨૦ બી.પી.એલ. કેટેગરીમાં ન આવતા હોય અને તે માટે આ વિભાગની અન્ય યોજનાની રકમ વાપર્યા પછી બાકી રહેતા મકાન બાંધકામ માટે મંજૂરી આપી શકાય આ માટે ઇન્દિરા આવાસ યોજનાની નાણાંકીય ધારા-ધોરણની મર્યાદામાં રહીને કામગીરી કરવાની રહેશે.

(ખ) રસોડા સુધી પાઇપલાઇનથી પીવાના પાણીની કામગીરી માટે સ્વજલધારા અને પાણી પુરવઠા વિભાગની અન્ય યોજનાઓ નીચે આવરી લેવામાં આવશે. પરન્તુ ફંડના અભાવે જયાં કામગીરી શકય ન હોય ત્યાં આ જોગવાઇમાંથી મીની વોટર સપ્લાય યોજનાઓને મંજૂરી આપી શકાય છે.

(ગ) આદિમજૂથના ૧૦૦ % બાળકોને આશ્રમશાળાઓ, આદર્શ નિવાસી શાળા, કન્યા નિવાસી શાળાઓમાં પ્રવેશમાં અગ્રતા આપવામાં આવશે. જે માટે જે તે યોજનાઓમાં પુરતી જોગવાઇ હોય, આ જોગવાઇમાંથી ખર્ચ કરવાની જરૂર નથી.

(ઘ) આંતરિક રસ્તાઓ માટે માર્ગ અને મકાન વિભાગ અને ગુજરાત પેટર્નની રકમના ઉપયોગ અને નારેગા યોજનામાંથી મેટલ કામગીરી કરવામાં આવશે. બાકી કામગીરી માટે આ યોજનામાંથી સહાય આપવામાં આવશે.

(ઙ) આદિમજૂથના લોકોનો આવક બમણી થાય તે માટે સ્થાનિક જરૂરિયાત મુજબના પ્રોજેકટને મંજૂરી આપવામાં આવશે. આ અંગેનો ખર્ચ માટે હાલ ચાલતી સી.સી.ડી. પ્રોજેકટમાંથી કરી શકાય તેમ હોય, આ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે નહિં.

(છ) ભારત સરકાર અને રાજય સરકારની યોજનાઓ દ્વારા વીજળીકરણ કરવામાં આવશે. ખર્ચ આ જોગવાઇમાંથી કરવાનો રહેશે નહિં.

૨. ઉપર્યુકત હેતુઓ સિધ્ધ કરવા માટે નીચે મુજબ વ્યવસ્થાતંત્રને મંજૂરી આપવામાં આવે છે.

(એ) દરેક પરિસરમાં સર્વે કરી, કમિશનર (આ.વિ.) દ્વારા સંબંધિત વિભાગો સાથે સમન્વય કરી ચાલું કામો અને લાભાર્થી માટે ચાલુ યોજના સાથે સાંકળવામાં આવશે.

(બી) બાકી કામગીરી માટે કમિટિ ઓફ ડાયેરકશન પાસેથી ૩૦/૬/૨૦૧૦ સુધીમાં પ્રોજેકટ મેળવવામાં આવશે.

(સી) રાજય સ્તરે દરખાસ્તો મંજૂર કરવા નીચે મુજબની સમિતિની રચનાને મંજૂરી આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧- | સચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ | અધ્યક્ષ |
| ૨- | કમિશનરશ્રી આદિજાતિ વિકાસ | સભ્ય |
| ૩- | મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડીસેગ | સભ્ય |
| ૪- | માર્ગ અને મકાન વિભાગના નાયબ સચિવશ્રી કક્ષાના પ્રતિનિધિ | સભ્ય |
| ૫- | નાણાં સલાહકારશ્રી (આ.વિ.વિ.) આદિજાતિ વિકાસ વિભાગ | સભ્ય |
| ૬- | નાયબ સચિવશ્રી (સેવા) | સભ્ય |

૩.  ઉપર્યુકત યોજનાના અમલીકરણ માટે નીચે દર્શાવેલી વધારાની શરતોનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે.

(૧) સને ૨૦૧૦-૧૧ ની જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૩) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક : એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-છ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "છ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ/સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) બાંધકામની પેટા યોજના માટે વિભાગે માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા અંદાજો રજૂ કરીને સક્ષમ અધિકારીની વહીવટી/તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૫) જમીન સંપાદન બાબતમાં વિભાગે જો કોઇ કામગીરી બાકી રહી જતી હોય તો તે સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે. કોઇપણ સંજોગોમાં જમીન સંપાદનના અભાવે યોજનાની કામગીરી ખોરંભે ના પાડે તે તથા યોજનાના હેતુલક્ષી લાભો મળવામાં જમીન સંપાદનના કારણોસર કોઇ અવરોધ ઉભો થવા ના પામે તે બાબતની વર્કઓર્ડર આપતી વખતે ચોકસાઇ કરવાની રહેશે.

(૬) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રી પ્રવર્તમાન નીતિ, ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૮) સૂચિત યોજના માટે ભારત સરકાર તરફથી મળવાપાત્ર થતી સહાય સત્વરે મેળવી લેવાની રહેશે.

(૯) સૂચિત યોજનાનો અમલ સમયસર અને પારદર્શક થાય તે માટે વહીવટી વિભાગે યોજનાનું અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અંગેનું ખર્ચ તા.૧/૪/૨૦૧૦ થી કરવાનું રહેશે.

(૪) નિયામકશ્રી, આદિમજૂથ એ આ યોજનાના જિલ્લાવાર લક્ષ્યાંક ફાળવી મૂલ્યાંકન માટે જરૂરી ફોર્મ તા.૧૫/૦૬/૨૦૧૦ સુધીમાં તૈયાર કરવાના રહેશે. આ યોજનાની સિધ્ધિ અંગેની માહિતિ વિભાગને નિયમિત મોકલી આપવાની રહેશે.

૫.  આ અંગેનો ખર્ચ "માંગણી ક્રમાંક : ૯૬ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર - ૦૨ આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ

સદર આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટાસદર - બી.સી.કે.૨૧૩, આદિમજૂથ માટે વિકાસ માટેની યોજના" હેઠળ થયેલી જોગવાઇમાંથી કરવાનો રહેશે.

૬. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૬/૪/૧૦ ની નોંધથી મળેલી સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી. એન. પટેલ)
અધિક સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના :-

મા. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. રા.ક.મંત્રીશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી (આ.વિ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
વિભાગના સર્વે અધિક સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
નાયબ સચિવશ્રી (સેવા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
કમિશનરશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
સર્વે પ્રાયોજના અધિકારી
સર્વે તકેદારી અધિકારીશ્રી,
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી, (આ.વિ.વિ.) સચિવાલય, ગાંધીનગર
માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
આરોગ્ય અને પરિવર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર